# મીડિયા ક્ષેત્રે કારકિર્દી ઘડવાની સુવર્ણ તક

**KSV દ્વારા સંચાલિત પત્રકારત્વ અભ્યાસક્રમમાં પ્રવેશ શરૂ, ૩૦ જુલાઈ સુધી મળશે તક**






ગાંધીનગર,

મીડિયા અને પત્રકારત્વ ક્ષેત્રમાં ઉજ્જ્વળ કારકિર્દી બનાવવા ઇચ્છુક યુવાનો માટે એલ.ડી.આર.પી. કેમ્પસ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગ દ્વારા એક વર્ષીય પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસકોમ્યુનિકેશન (PGDJMC) અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાની છેલ્લી તારીખ ૩૦ જુલાઈ, ૨૦૨૬ છે. આ બે સેમિસ્ટરના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક, ડિજિટલ અને સોશિયલ મીડિયા, સમાચાર લેખન, રિપોર્ટિંગ, સંપાદન, એન્કરિંગ, જનસંપર્ક, ફોટો જર્નાલિઝમ અને મીડિયા મેનેજમેન્ટ જેવા વિષયોમાં થિયરી સાથે પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. મીડિયા ક્ષેત્રના અનુભવી અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને આધુનિક મીડિયા ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્ય વિકસાવવાની તક મળશે. કોઈપણ વિષયમાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્ર છે. ખાસ વાત એ છે કે વર્ગો સાંજના સમયે યોજાતા હોવાથી નોકરી કરતા, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા તેમજ અન્ય ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ માટે પણ આ અભ્યાસક્રમ અનુકૂળ રહેશે. મીડિયા ક્ષેત્રમાં રિપોર્ટર, ન્યૂઝ એન્કર, કન્ટેન્ટ રાઈટર, ડિજિટલ મીડિયા એક્ઝિક્યુટિવ, સોશિયલ મીડિયા મેનેજર, પીઆર પ્રોફેશનલ અને ફોટો જર્નાલિસ્ટ જેવી વિવિધ કારકિર્દીની તકોને ધ્યાનમાં રાખીને આ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. પ્રવેશ અને અભ્યાસક્રમ અંગે વધુ માહિતી માટે મો. ૮૪૦૧૮૬૩૨૨૯ પર સંપર્ક કરી શકાય છે અથવા પત્રકારત્વ વિભાગ, એલ.ડી.આર.પી. કેમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ શકાય છે.

# સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના હસ્તે રૂ.૨૧ કરોડથી વધુના કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરાયું

## ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા સ્વરોજગારલક્ષી લોન યોજનાના ૬૧૪ લાભાર્થીઓની પારદર્શક પસંદગી કરાઈ



રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક માળખાને વધુ મજબૂત કરવાના આશય સાથે આજે ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૧ ખાતેથી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા દ્વારા કુલ રૂ. ૨૧ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીના વરદહસ્તે લોકાર્પિત થયેલા પ્રકલ્પોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે વિકસતી જાતિ કલ્યાણ હસ્તક રૂ. ૫.૯૯ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી કુમાર છાત્રાલય તેમજ આણંદ જિલ્લાના ખંભાત ખાતે અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તક રૂ. ૭.૧૫ કરોડના ખર્ચે નવનિર્મિત સરકારી કુમાર છાત્રાલય ભવનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે માનસિક બીમારીમાંથી સાજી થયેલી મહિલાઓ માટે રૂ. ૪.૫૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આધુનિક પુનઃવસન ગૃહનું પણ ઈ-લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન આગામી સમયમાં બોટાદ ખાતે રૂ. ૩.૯૫ કરોડના ખર્ચે સાકાર થનાર વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના નવીન સરકારી કુમાર છાત્રાલયનું ઈ-ખાતમુહૂર્ત પણ સંપન્ન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ પછાત અને વંચિત વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક માહોલ પૂરો પાડવામાં આ આધુનિક છાત્રાલયો આશીર્વાદરૂપ સાબિત થશે. આ ઉપરાંત માનસિક બીમારીમાંથી સાજી થયેલી બહેનોનું આદરપૂર્વક સામાજિક પુનઃવસન થાય તે દિશામાં ડભોડા ખાતેનું પુનઃવસન ગૃહ ખૂબ સંવેદનશીલ અને મહત્વપૂર્ણ કદમ સાબિત થશે. વધુમાં મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે,

સામાજિક ન્યાય અને ભૌતિક વિકાસની સાથે નાગરિકોમાં આર્થિક આત્મનિર્ભરતા લાવવાના ઉદ્દેશ્યથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સ્વરોજગારલક્ષી લોન યોજના અંતર્ગત આજે એક મહત્વપૂર્ણ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદ આ ત્રણ જિલ્લાઓમાં લક્ષ્યાંક કરતાં મળેલ વધુ ઓનલાઈન અરજીઓમાંથી સંપૂર્ણ પારદર્શક પદ્ધતિ અપનાવીને કમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો દ્વારા કુલ ૬૧૪ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેથી ખરા અર્થમાં લાયક તેમજ જરૂરિયાતમંદ બિનઅનામત વર્ગના નાગરિકો સુધી સ્વરોજગારલક્ષી યોજના સહાય સીધી પહોંચશે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારની આ પારદર્શી અને સરાહનીય પહેલ જરૂરિયાતમંદ નાગરિકોને પોતાની રોજગારી શરૂ કરવા અથવા વ્યવસાયને વિસ્તારવા માટે આર્થિક પીઠબળ પૂરું પાડશે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્યનો પાયો નાખશે.



**કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, સેક્ટર ૨૩, ગાંધીનગર ખાતે ૧૩ જુલાઈ ૨૦૨૬ ના રોજે, બીએસસી પ્રથમ વર્ષ નાં વિદ્યાર્થી માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ રાખવા માં આવેલ હતો. જેમાં તેઓને શિક્ષકગણ દ્વારા અભ્યાસ સાથે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી કોલેજ માં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી.**

# નવસારી ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈના હસ્તે સરકારી આયુર્વેદ હોસ્પિટલ કાલીયાવાડી ખાતે નવા ફિઝિયોથેરાપી સાધનોનું લોકાર્પણ



સરકારી આયુર્વેદ હોસ્પિટલ, કાલીયાવાડી, નવસારી ખાતે જાહેર જનતાને વધુ ગુણવત્તાસભર અને સુવિધાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી ફિઝિયોથેરાપી વિભાગ માટે વિવિધ આધુનિક સાધન-સામગ્રીની ખરીદી કરવામાં આવી છે. આ સાધનોની ખરીદી નવસારી-૧૭૫ મતવિસ્તાર માટે ધારાસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MLA જોગવાઈ) વર્ષ ૨૦૨૫-૨૦૨૬ હેઠળ ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કરવામાં આવી છે. આ નવીન ફિઝિયોથેરાપી સાધનોનું લોકાર્પણ નવસારીના ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. સરકારી આયુર્વેદ હોસ્પિટલ, કાલીયાવાડી ખાતે ફિઝિયોથેરાપી વિભાગ છેલ્લા એક વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે. આ વિભાગમાં દર્દીઓને આધુનિક ફિઝિયોથેરાપી સારવાર ઉપરાંત પંચકર્મ સારવારનો પણ લાભ મળી રહ્યો છે. દરરોજ ૧૦૦થી વધુ દર્દીઓ આ સેવાઓનો નિયમિત લાભ લઈ રહ્યા છે, જે આ વિભાગ પ્રત્યે લોકોના વધતા વિશ્વાસ અને ઉપયોગિતાને દર્શાવે છે. નવા સાધનો ઉપલબ્ધ થતાં દર્દીઓને વધુ અસરકારક, ઝડપી અને ગુણવત્તાસભર ફિઝિયોથેરાપી સારવાર મળી શકશે. આ સુવિધાથી ખાસ કરીને સાંધાના દુખાવા, કમરના દુખાવા, ગરદનના દુખાવા, લકવા બાદની પુનઃપ્રાપ્તિ તેમજ અન્ય હાડકા અને સ્નાયુ સંબંધિત તકલીફો ધરાવતા દર્દીઓને વિશેષ લાભ મળશે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ આયુર્વેદ અને ફિઝિયોથેરાપી જેવી સંકલિત આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવા માટે સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી તથા વધુમાં વધુ નાગરિકોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.



નૂતન કોલેજ ઓફ નર્સિંગ ખાતે બેઝિક લાઈફ સપોર્ટ (BLS) તાલીમ વર્કશોપનું આયોજન કરેલ છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર સંલગ્ન નૂતન કોલેજ ઓફ નર્સિંગના ચાઈલ્ડ હેલ્થ નર્સિંગ વિભાગ તથા ફન્ડામેન્ટલ ઓફ નર્સિંગ વિભાગ દ્વારા તા. ૧૬/૦૭/૨૦૨૬ ના રોજ રેડ ક્રોસ સોસાયટી ના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ "બેઝિક લાઈફ સપોર્ટ (Basic Life Support– BLS)" વિષય પર તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપનો મુખ્ય હેતુ નર્સિંગ વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટી સભ્યોને હૃદયરોગનો હુમલો, શ્વાસ બંધ થવો તથા અન્ય તાત્કાલિક જીવલેણ પરિસ્થિતિઓમાં દર્દીને પ્રાથમિક અને અસરકારક સારવાર આપવાની કૌશલ્ય આધારિત તાલીમ પ્રદાન કરવાનો છે. તાલીમ દરમિયાન CPR, એરવે મેનેજમેન્ટ, રેસ્ક્યૂ બ્રિધિંગ, ચેસ્ટ કમ્પ્રેશન તેમજ અન્ય જીવનરક્ષક પદ્ધતિઓનું પ્રાયોગિક નિદર્શન અને હેન્ડ્સ-ઓન પ્રેક્ટિસ કરાવવામાં આવશે. નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં ઈમરજન્સી કેરની વ્યવહારુ કુશળતા, આત્મવિશ્વાસ અને દર્દી સુરક્ષા પ્રત્યેની જાગૃતિમાં વધારો થશે. નૂતન કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલશ્રીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વર્કશોપનું આયોજન ચાઈલ્ડ હેલ્થ નર્સિંગ વિભાગ અને ફન્ડામેન્ટલ ઓફ નર્સિંગ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જે બદલ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી એમ ઉદાની, રજિસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી, ડાઈરેક્ટર ડૉ. જે આર પટેલ તથા કોલેજ પરિવાર દ્વારા તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને આ તાલીમનો સંપૂર્ણ લાભ લેવા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# સાંકળચંદ પટેલ યુનિવર્સીટી સંલગ્ન સ્વામી સચ્ચિદાનંદ પોલિટેકનિક કોલેજ ખાતે પ્રવેશોત્સવ ઉજવાયો



સાંકળચંદ પટેલ યુનિવર્સીટી સંલગ્ન સ્વામી સચ્ચિદાનંદ પોલિટેકનિક કોલેજ માં તા. ૧૫ જુલાઈ ૨૦૨૬ ના રોજ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ –૨૭ માં ડિપ્લોમા એન્જીનીયરીંગ ખાતે પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી પરિચય કાર્યક્રમ–"IN-CEPTION 2026" યોજાઈ ગયો. તા.૧૫ જુલાઈ થી ૨૮ જુલાઈ ૨૦૨૬ સુધી ચાલનારા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓને કોલેજના શૈક્ષણિક વાતાવરણ, દૈનિક કાર્યપદ્ધતિ, અભ્યાસક્રમ, શૈક્ષણિક નિયમો, કેમ્પસની વિવિધ સુવિધાઓ તેમજ વિદ્યાર્થીઓ માટે લાગુ પડતા નિયમો અને શિસ્ત અંગે માહિતગાર કરવાનો છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના શૈક્ષણિક જીવનની સફળ અને સુગમ શરૂઆત માટે અત્યંત મહત્વપૂર્ણ રહેશે. કાર્યક્રમના પ્રથમ દિવસે પ્રિન્સીપાલ ડૉ. વાય. એસ. પટેલે તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓનું સંસ્થા વતી સ્વાગત કરેલ. આ કાર્યક્રમમાં વિસનગર સ્થિત ફોવેરા ઓર્થોડિઝાઈન પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક શ્રી સન્ની પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમના પ્રેરણાદાયી ભાષણથી વિદ્યાર્થીઓને નવીનતા લાવવા અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રેરણા મળી. આ પ્રસંગને યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફેસર (ડૉ.) પી.એમ.ઉદાણી દ્વારા વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ તકનીકી ક્ષેત્રમાં લક્ષ્ય નક્કી કરવાની સલાહ આપીને શૈક્ષણિક, ચારિત્ર્ય અને જીવનભર શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કર્યા. આઈક્યુએસી ડિરેક્ટર ડૉ. ચેતન ચૌધરીએ વિદ્યાર્થીઓને સ્પષ્ટ લક્ષ્યો નક્કી કરવા, ધ્યાન કેન્દ્રિત કરવા અને તેમના શૈક્ષણિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સમર્પણ સાથે કામ કરવા જણાવ્યું. યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને તેમના નવા શૈક્ષણિક જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ સંયોજક શ્રી હિરેન દવે દ્વારા આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું.

# ગાંધીનગરને હરિયાળું બનાવવાના અભિયાનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS સ્વયંસેવકો જોડાયા



ગાંધીનગર,

ગાંધીનગર શહેરને વધુ હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી બનાવવા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત વિશાળ વૃક્ષારોપણ અભિયાનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના વિવિધ સંલગ્ન કોલેજોના ૧૭૫ થી વધુ NSS સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની પોતાની સામાજિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. પેથાપુર નજીક આવેલા સંજરી પાર્ક ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં સ્વયંસેવકોએ વિવિધ પ્રકારના વૃક્ષોનું રોપણ કર્યું હતું. કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકો તથા ઉપસ્થિત મહાનુભાવોએ "વૃક્ષ વાવીશું, વૃક્ષ જાળવીશું" નો સંકલ્પ લઈને વૃક્ષોના સંરક્ષણ અને ઉછેર માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનરશ્રી, એડિશનલ કમિશનરશ્રી સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સ્થળ પર મહાનગરપાલિકાના અધિકારી શ્રી સંદીપસિંહ ગોહિલ દ્વારા સ્વયંસેવકોને વૈજ્ઞાનિક પદ્ધતિથી વૃક્ષારોપણ, તેના જતન અને પર્યાવરણ સંવર્ધન અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

સેક્ટર ૨૩ ના .કેમ્પસ ડિરેક્ટર ડૉ. કેયુર શાહનું વિશેષ માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન કડી સર્વ વિશ્વવિદ્યાલયના NSS યુનિવર્સિટી પ્રોગ્રામ કોઓર્ડિનેટર શ્રી ધર્મેન્દ્રસિંહ બી. રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યક્રમમાં બી.એસસી. કોલેજના NSS પ્રોગ્રામ ઓફિસર શ્રી કૌશિક સિંધવા તેમજ અન્ય NSS પ્રોગ્રામ ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયની બી.કોમ., બી.એડ., બી.સી.એ., બી.એસસી. અને એન્જિનિયરિંગ કોલેજોના NSS સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લઈને પર્યાવરણ જાગૃતિનો અસરકારક સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સમાજ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીને કેન્દ્રસ્થાને રાખી સમયાંતરે આવા લોકભાગીદારી આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ અભિયાન દ્વારા માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ વૃક્ષોના જતન અને હરિયાળા ગાંધીનગરના નિર્માણ માટે યુવાનોને પ્રેરિત કરવાનો પણ સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# વિરમગામ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૪૫ વર્ષીય મહિલાની જટિલ ગર્ભાશય સર્જરી સફળ

**ગાયનેકોલોજિસ્ટ ડો. અદિતિ પાઠક અને તબીબી ટીમે અત્યંત કુશળતાપૂર્વક ગર્ભાશય કાઢવાની જટિલ સર્જરી પૂર્ણ કરી**



અમદાવાદ જિલ્લાની વિરમગામ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૪૫ વર્ષીય મહિલા દર્દીની જટિલ ગર્ભાશયની સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, મહિલા દર્દી છેલ્લા ૧૦થી ૧૧ મહિનાથી દર્દી પેટના નીચેના ભાગમાં અસહ્ય દુખાવો તેમજ અત્યંત ભારે માસિક સ્ત્રાવ (હેવી બ્લીડિંગ)ની ગંભીર સમસ્યાથી પીડાઈ રહ્યા હતા. અગાઉ વિવિધ પ્રકારની દવાઓ અને સારવાર લીધા છતાં તેમને કોઈ ખાસ રાહત મળી નહોતી. હોસ્પિટલમાં કરાયેલા અલ્ટ્રાસાઉન્ડ (USG) તપાસમાં દર્દીના ગર્ભાશયની બંને દિવાલોમાં અનેક ગાંઠો (Multiple Fibroids) હોવાનું સામે આવ્યું હતું, જેમાં સૌથી મોટી ગાંઠનું કદ આશરે ૮ ૮ ૫ ૮ ૬ સેન્ટીમીટર હતું. દર્દીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિરમગામ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. કૌશલ ઓઝાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ હોસ્પિટલના ગાયનેકોલોજી વિભાગ દ્વારા ગાયનેકોલોજિસ્ટ ડૉ. અદિતિ પાઠક અને તબીબી ટીમે અત્યંત કુશળતાથી સફળતાપૂર્વક ટોટલ એબ્ડોમિનલ હિસ્ટરેક્ટોમિ (TOal Abdominal Hysterectomy) એટલે કે ગર્ભાશય કાઢવાની જટિલ સર્જરી પૂર્ણ કરી હતી. સર્જરી સફળ રહેતા દર્દીને લાંબા સમયથી ચાલી રહેલી પીડા અને ભારે બ્લીડિંગની સમસ્યામાંથી કાયમી રાહત મળી છે. હાલ દર્દીની તબિયત સ્થિર અને સારી હોવાનું હોસ્પિટલ દ્વારા જણાવાયું છે. સરકારી હોસ્પિટલમાં આવી જટિલ સર્જરી સંપૂર્ણપણે નિઃશુલ્ક અને સફળતાપૂર્વક થતાં દર્દી તથા તેમના પરિવારજનોએ ડૉક્ટરો અને સમગ્ર હોસ્પિટલ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ડીસા સીતારામ મંડળ દ્વારા રામચરિત માનસ મૈયા પાઠ ના થયો શુભ આરંભ



ડીસા ખાતે સીતારામ મંડળ ધાર્મિક કાર્ય સમયાંતરે કરે છે ત્યારે આજ રોજ ડીસા જલારામ મંદિર થી પોથીયાત્રા શરણાઈ ના સુરે જલારામ મંદિર હોલ ખાતે લઈ જવા માં આવી જેમાં ડીસા શહેર માં થી વિવિધ બહેનો અને ભાઈઓ આ પોથી યાત્રા માં જોડાયા જેમાં સીતારામ મંડળ ના શારદાબેન ઠક્કર જયોતિબેન ઠક્કર રિંકુ બેન ઠક્કર નિમુબેન ઠક્કર નીરુબેન ઠક્કર શિલ્પાબેન ઠક્કર મીનુ બેન ઠક્કર સહિત પોથી યાત્રા માં બહેનો વાજતે ગાજતે શરણાઈ ના શુરે સાથે જલારામ મંદિર હોલ ખાતે પહોંચી આવ્યા હતા આ કાર્યક્રમ દીપ પ્રાગટ્ય બાદ પાઠ ના પ્રણેતા રમાબેન હરિયાણી એ ટેલિફોનીક શુભેચ્છા તેમજ આશીર્વાદ પાઠવ્યા હતા આ કાર્યક્રમ દરમ્યાન ઈન્ટરનેશનલ લોહાણા મહિલા મંડળ ડીસા ના પ્રમુખ બીનાબેન ઠક્કર તેમજ મંત્રી તન્વીબેન પણ હાજર રહ્યા હતા યશોદા મંડળ તરફ થી સોનલબેન તેમજ શિલ્પાબેન જોશી ઉપસ્થિતિ હતા જ્યારે જલારામ મંદિર ટ્રસ્ટ ના પ્રમુખ કનુભાઈ આચાર્ય મંત્રી ભગવાનદાસ બંધુ તારાચંદભાઈ મજીઠીયા આનંદ ભાઈ ઠકકર લોહાણા ન્યૂઝ તંત્રી કમલેશભાઈ રાચ્છ સુરેશભાઈ દેવ.એફ ડી. જલારામભાઈ દેવ સહિત ના આગેવાનો આ ધાર્મિક કાર્યક્રમ માં ઉપસ્થિત પાઠ નું શ્રવણ કર્યું હતું આ પાઠ ૧૫/૭ થી ૨૩/૭ સુધી બપોરે ૩ થી ૫ સુધી રહેશે તો દરેક ધર્મ પ્રેમી જનતા ને પધારવા અનુરોધ કરવા માં આવ્યો છે

# વડનગરના ઐતિહાસિક વૈભવનો સાક્ષી બનતો ‘ઈન્ટેન્જિબલ વડનગર’ કાર્યક્રમ

**સ્કેચ આર્ટ અને લોકકલાના સંગમથી જીવંત બન્યો વડનગરનો અમૂલ્ય વારસો**



મહેસાણા

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત તથા અતુલ્ય વારસો દ્વારા સંચાલિત ’ઈન્ટેન્જિબલ વડનગર’ કાર્યક્રમ અંતર્ગત ૧૧ જુલાઈના રોજ ભારતીય સંસ્કૃતિના ૫૪ વિદ્યાર્થીઓ અને અમદાવાદના સ્કેચ આર્ટિસ્ટોએ વડનગરમાં હેરિટેજ વોક કરી વડનગરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનો અભ્યાસ કર્યો હતો. સહભાગીઓએ આર્કિયોલોજિકલ એક્સપિરિયેન્શિયલ મ્યુઝિયમની મુલાકાત લઈ વડનગરના પ્રાચીન ઈતિહાસ અને પુરાતત્વીય વૈભવ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. કાર્યક્રમ દરમિયાન કુલ ૧૫ જેટલા કલાકારો, જેમાં બહુરૂપી કલાકારો, ભજનિકો અને સ્કેચ આર્ટિસ્ટોનો સમાવેશ થતો હતો. તેમણે પોતાની કલાત્મક રજૂઆતો દ્વારા કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. બહુરૂપી કલાકારોએ વિવિધ પરંપરાગત વેશભૂષાઓ અને લોકપાત્રોની રજૂઆત કરી, જ્યારે સ્કેચ આર્ટિસ્ટોએ વડનગરના ઐતિહાસિક સ્મારકો અને સાંસ્કૃતિક વારસાને પોતાના ચિત્રોમાં આલેખ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક ભજનિકો દ્વારા ભજનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી જેમાં સંગીત અને ભક્તિ દ્વારા વડનગરની જીવંત સાંસ્કૃતિક પરંપરાઓ અભિવ્યક્ત થઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા પેઢીને વડનગરના અમૂલ્ય વારસા સાથે જોડવાનો તથા તેના સંવર્ધન માટે જાગૃતિ ફેલાવવાનો રહ્યો હતો.

